જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૫૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૯/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૫૧૩ | ૫ | ૧૦૫૧૮ | ૧૬૬૨૫ | ૫ | ૧૬૬૩૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૦ | ૦ | ૪૩૪૦ | ૫૮૫૫ | ૦ | ૫૮૫૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૪૪૬ | ૪૭ | ૧૪૪૯૩ | ૧૫૨૦૩ | ૪૧ | ૧૫૨૪૪ |
| કુલ | | ૨૯૩૪૭ | ૫૨ | ૨૯૩૯૯ | ૩૭૯૦૨ | ૪૬ | ૩૭૯૪૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫ | ૧૧,૫૩,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૦૧ | ૧૮,૦૧,૦૦૦/- |

# લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :-

વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૪૬૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ આર્મ્સ એક્ટ ની કલમ ૨૫(૧)(બી) મુજબના ગુન્હાના ફરીયાદીશ્રી પાસેથી એક સેમસંગ કંપનીનો એસ-૯ મોડેલનો બ્લેક કલરનો મો.ફોન જેની કિમત રૂ.૨૫૦૦૦/- ગણી શકાય તથા રોકડા ૪૦૦/- થી ૫૦૦/- રૂપીયા તથા બ્રાઉન કલરની બેગ જેમા ત્રણ પેન્ડ્રાઇવ તથા ચાર્જર તથા ઇયરફોન જેની આસરે રૂપિયા ૧૦૦૦ ગણી શકાય કુલ્લે કિ.રૂ.૨૬૫૦૦/- ના મત્તાની તથા થલતેજ ચાર રસ્તા ટાઇટેનીયલ સ્ક્વેર ની સામે આવેલ યુ.વી કાફે બહાર આવેલ સર્વીસ રોડ પર જાહેર ઉપરથી વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૪૬૮/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ આર્મ્સ એક્ટ ની કલમ ૨૫(૧)(બી) મુજબના ગુન્હાના ફરીયાદી શ્રી નાઓ પાસેથી એક વનપ્લસ કંપનીનો એસ-ટી મોડેલનો મો.ફોન જેની કિમત રૂ.૧૫૦૦૦/- ગણી શકાય તથા રોકડા ૨૦૦૦/- રૂપીયા તથા સીસકા કંપનીની પાવર બેંક જેની કિ.-૨૦૦ રૂપીયાની ગણી શકાય એમ કુલ્લે કિ.રૂ.૧૭૨૦૦/-ના મત્તાની લુટ કરેલ હોય જેથી મ્હે. શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નર તથા મ્હે. શ્રી રાજેશ અસારી સાહેબ સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ તથા શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મ.પો.કમિ.શ્રી,"એ" ડીવીઝન સાહેબનાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય.જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ કે.એલ.રબારી સાહેબ નાઓએ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.હે.કો. નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.લો.ર જયપાલસિંહ દિલીપસિંહ તથા અ.લો.ર. વિનોદકુમાર દલપતભાઇ નાઓને ખાનગી બાતમી મળેલ કે એક ઇસમ જેણે શરીરે આછા ગુલાબી કલરનો સર્ટ તથા બ્લુ કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. જે ઇસમ ઉપરોક્ત લુટના ગુન્હાના માં ઉપયોગમાં લેવાયેલ સુઝુકી એક્સેસ લઇને નારણપુરા AEC બ્રિઝ થી નીકળી સુભાષ ચોક થઇને એસ.જી. હાઇવે તરફ જનાર છે. જે બાતમી આધારે લુટના ગુન્હાના કામે વપરાયેલ મુદ્દામાલ એક્સેસ સાથે આરોપી પકડી પાડી વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૪૬૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ આર્મ્સ એક્ટ ની કલમ ૨૫(૧)(બી) મુજબ તથા વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૦૨૦૧૪૬૮/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ આર્મ્સ એક્ટ ની કલમ ૨૫(૧)(બી) મુજબના ગુંહાનો ભેદ ઉકેલી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## પકડાયેલ આરોપી :-

નિમેષ જીતેંદ્રભાઇ નમહા ઉ.વ.૨૫ ધંધો.ડ્રાઇવિંગ રહે.૩/૧૧૩ ગીરીધર આવાસ સી.પી.નગર ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળ રહે. ખેડા કેમ્પ પોલીસ ગ્રાઉન્ડની પાછળ જોગણી માતાના મંદિરની બાજુમાં તા.ખેડા જી.ખેડા

## વોંટેડ આરોપી :

(૧) સુરેશ ઉર્ફે રાઘવ રહે.પટેલ ડેરી પાસે પારસનગર નારણપુરા અમદાવાદ શહેર મુળ રહે.પ્રજાપતી વાસ સરાળા તા.સરાળા જી.ઉદેપુર રાજસ્થાન (૨) નિલેષ ઉર્ફે પકોડી પ્રજાપતી જેના પુરા નામ સરનામા ની ખબર નથી.

## કબ્જે કરેલ મુદ્દામાલ :-

ગ્રે કલરનુ સુઝુકી કંપનીનુ એક્સેસ જેનો રજી. નં. GJ-18-CF-1207 નાની કિ.રૂ.૧૨,000/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ.દેસાઇ સાહેબ તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી કે.એલ.રબારી તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન તથા મ.સ.ઇ.ભારતભાઇ દાનાભાઇ તથા અ.હેડ.કોન્સ નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ તથા અનાર્મ પો.કોન્સ જીતેન્દ્રકુમાર જીવાભાઇ તથા પો.કોન્સ યશપાલસિહ જોરૂભા તથા અ.પો.કો. ગોવીંદભાઇ નરસિંહભાઇ તથા અ.પો.કો.સંજયભાઇ કાનજીભાઇ તથા રાજેશકુમાર કરશનભાઇ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ તથા અ.લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિંહ તથા લો.ર.જયપાલસિંહ દિલીપસિંહ તથા લોકરક્ષક વિનોદભાઇ દલપતભાઇ તથા વુ.લો.ર રીંકુબેન મુળજીભાઇ

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૮/૨૦૨૦**

**જી.આઇ.ડી.સી. વટવાઃ (૧)** અમીતકુમાર સ્વામીનાથ મહંતો (ઉ.વ.૩૮) (રહે.કનુભાઇની ચાલી નવી વસાહત) તા.૨૬/૦૯/૨૦૨૦ સાજના ૭/30 વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૪ "એન.કે.આર" એન્જીનીયરીંગ કંપનીમાં ફેબ્રીકેસન શોપમા વેલ્ડીંગ મશીન દ્વારા વેલ્ડીંગ કરવાનુ કામ કરતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

**જી.આઇ.ડી.સી. વટવાઃ (૨)** વટવા જીઆઇડીસી ફેઝ-૨ વિસ્તારમાં "ગાયત્રી ડાઇઝ કેમીકલ કંપની" ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા અજય શોશી મહતો (ઉ.વ.૩૩)(મૂળ વતન. ગામ-શૂરો થાના-બછવારા તા.જી-બેગુસરાય બિહાર) તા.૨૫/૦૯/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં ઇલેક્ટ્રીક બોર્ડમાં શોર્ટ સર્કીટ થતા ઈલેકટ્રીક બોર્ડ નજીક પડેલ કેમીકલ વેસલમાં આગ લાગતા અજયભાઇ દાઝી જતાં સારવાર માટે તેમને ઘોડાસર જ્યોતિબા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૯/૨૦૨૦ સવારના ૫/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૯/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટઃ** થલતેજ ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, ક્રિસ ક્યુબીકલ સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા રામતિરથ રાજારામ રાવત (ઉ.વ.૨૮)(મુળ વતન. ગામ-પહલા, પોસ્ટ-દાંદપૂર, તહેસીલ- રામ સનેહીઘાટ, જી-બારબંકી, ઉતરપ્રદેશ) તા.૨૬/૦૯/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે સાઈટના બ્લોક નં-એ ના ધાબાના ડબમાથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૬૬૦/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** હીતેશ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૦) (રહે. જક્શી રબારીની ચસના છાપરાં અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૦ રાતના ૧૦/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમા લગાવેલ પાઇપ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી